ગાંધીનગર સમાચાર

# ગુજરાતના વિરલ વ્યક્તિત્વની વિદાય





## માધવસિંહ સોલંકી

**૩૦ જુલાઈ, ૧૯૨૭ : ૯ જાન્યુઆરી, ૨૦૨૧**



ગુજરાતના પૂર્વ સીએમ માધવસિંહ સોલંકીનું દુખદ નિધન થયું છે. માધવસિંહ સોલંકીએ ૯૪ વર્ષે તેમના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. તેમનો જન્મ ૩૦ જુલાઈ ૧૯૨૭ના રોજ થયો હતો. તેઓ ગુજરાત કૉંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીના પિતા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો રાજ્યના વિકાસમાં સિંહફાળો રહેલો છે. ભરતસિંહ સોલંકી આવતી કાલે એટલે રવિવારે સવારે અમેરિકાથી પરત ફરશે જે બાદ બપોરના ૪ કલાકે માધવસિંહ સોલંકીની અંતિમ વિધી કરવામાં આવશે. દિલ્હીના વરિષ્ઠ નેતા આવતી કાલે ગાંધીનગર અંતિમ વિધિમાં હાજરી આપવા આવશે.

### ગુજરાતમાં ચારવાર મુખ્યમંત્રી રહી ચૂક્યા છે

માધવસિંહ સોલંકી ચાર વખત ગુજરાતના મુખ્ય મંત્રી રહી ચૂક્યા છે. તેઓ વર્ષ ૧૯૭૬-૧૯૮૦-૧૯૮૫-૧૯૮૯માં ગુજરાતનાં સીએમ બન્યા હતા. પહેલીવાર ૧૯૭૬માં રાષ્ટ્રપતિ શાસન હટ્યા બાદ માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. આ દરમિયાન તેઓ ૨૪-૧૨-૧૯૭૬થી ૧૦-૦૪-



૧૯૭૭ સુધી મુખ્યમંત્રી રહ્યા હતા. ૧૯૮૦માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજયી બન્યા બાદ ફરીવાર કૉંગ્રેસ સત્તા પર આવી અને ૭ જૂન, ૧૯૮૦નાં રોજ માધવસિંહ સોલંકી બીજીવાર મુખ્યમંત્રી બન્યા, જે ૧૦ માર્ચ ૧૯૮૫ સુધી પદ પર રહ્યા હતા. ફરીવાર યોજાયેલી ચૂંટણીમાં વિજયી બની, ૧૧ માર્ચ ૧૯૮૫માં માધવસિંહ સોલંકી ત્રીજીવાર મુખ્યમંત્રી રહ્યા હતા. બાદમાં તેમણે ૬ જૂલાઈ ૧૯૮૫માં રાજીનામું આપવું પડ્યુ હતુ. ચોથીવાર ૧૦ ડિસેમ્બર ૧૯૮૯થી ૪ માર્ચ ૧૯૯૦ સુધી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી રહ્યા હતા.

### ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ બેઠકો જીતવાાનો રેકોર્ડ બનાવ્યો હતો

માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભામાં ૧૮૨માંથી ૧૪૯ બેઠકો જીતવાનો રેકોર્ડ બનાવ્યો હતો. જેને હજી સુધી નરેન્દ્ર મોદી પણ તોડી નથી શક્યા. આ ઉપરાંત ગુજરાતના વિકાસમાં તેમનો સિંહફાળો રહ્યો છે.

માધવસિંહ સોલંકીના શાસનકાળમાં ઉદ્યોગ, વીજળી,



સિંચાઈ, શિક્ષણ, કન્યા કેળવણી, મફત શિક્ષણ જેવા સુધારાથી ગુજરાતના વિકાસમાં ઘણી ઝડપ આવી હોવાનું માનવામાં આવે છે.

### વડાપ્રધાનની માધવસિંહને અંજલિ....

માધવસિંહ સોલંકીજી એ એક પ્રચંડ નેતા હતા, જેણે દાયકાઓથી ગુજરાતના રાજકારણમાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. સમાજ માટે તેમની સમૃદ્ધ સેવા માટે તેમને યાદ કરવામાં આવશે. તેમના નિધનથી દુઃખી છું. તેમના પુત્ર ભરતસિંહ સોલંકી સાથે વાત કરી અને શોક વ્યક્ત કર્યો.

### મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો ઘેરો શોક...

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી ના દુઃખદ અવસાન અંગે ઘેરા શોક ની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં સ્વ.માધવસિંહ સોલંકીના સન્માન માં એક દિવસ નો શોક પાળવાની જાહેરાત કરી છે.

સ્વ. માધવસિંહ સોલંકીની અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવાનો નિર્ણય પણ મુખ્યમંત્રીએ કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ આજના તેમના મહીસાગર જિલ્લાના કાર્યક્રમો રદ કર્યા છે.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આજે બપોરે ૧૨ કલાકે રાજ્ય મંત્રી મંડળની બેઠક ગાંધીનગરમાં મળશે અને આ બેઠકમાં સ્વ.માધવસિંહ સોલંકી ને શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ પસાર કરવામાં આવશે.

### રાજ્યપાલની અંજલિ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીના દુઃખદ નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રી એ સ્વ. માધવસિંહ સોલંકીને શ્રદ્ધાંજલિ પાઠવતા



જણાવ્યું છે કે સ્વ. સોલંકીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાતના વિકાસને નવી દિશા આપી હતી. તેમની સાહિત્ય પ્રીતિ, વહીવટી કુશળતા અને વિકાસલક્ષી અભિગમ હંમેશાં યાદ રહેશે. રાજ્યપાલશ્રી એ જણાવ્યું હતુ કે સ્વ. સોલંકીના અવસાનથી ગુજરાતે એક કાર્યદક્ષ રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે અને ગુજરાતના જાહેરજીવનમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. રાજ્યપાલ એ પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્મા ને ચિર શાંતિ અર્પે અને પરિવારજનો ઉપર આવી પડેલા અણધાર્યા દુઃખને સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના પણ વ્યક્ત કરી છે.

### શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસામાની ભાંવાજલી...



રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ વિદેશ મંત્રી અને કુશળ પ્રશાસક તથા કોંગ્રેસના વરિષ્ઠ નેતા માધવસિંહ સોલંકીના અવસાન બદલ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઊંડા શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરી આજે તેમના નિવાસ સ્થાને જઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ શ્રી માધવ સિંહ સોલંકી ના અવસાનથી માત્ર ગુજરાતે જ નહીં પરંતુ સમગ્ર દેશે કુશળ પ્રશાસક અને સંગઠક ગુમાવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમની સેવાઓ હંમેશા ચિરસ્મરણીય રહેશે, તેમ ચૂડાસમાએ ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માધવસિંહ સોલંકી સાથે છેલ્લા ૨૦ વર્ષથી નિયમિત સંપર્ક રાખ્યો હતો. ખાસ કરીને માધવસિંહ સોલંકી ના જન્મદિવસ નિમિત્તે ઉપરાંત નૂતન વર્ષના દિવસે નિયમિત રીતે છેલ્લા ૨૦ વર્ષથી તેઓ જન્મદિવસ તથા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા હતા. આ વર્ષે પણ નવા વર્ષ નિમિત્તે ચુડાસમાએ માધવસિંહ સોલંકીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીને પોતાનો સંપર્ક જાળવી રાખ્યો હતો.

આજે સવારે માધવસિંહ સોલંકીના દુઃખદ અવસાન આજના સમાચાર જાણ્યા બાદ ચુડાસમાએ માધવસિંહ સોલંકીના નિવાસ



સ્થાને જઈને સ્વર્ગસ્થ સોલંકી ને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા અને સ્વર્ગસ્થ ના પરિવારને સાંત્વના પાઠવી હતી. ચુડાસમાએ તેમના પરિવાર પર આવી પડેલી આપત્તિને સહન કરવાની અભ્યર્થના પણ વ્યક્ત કરી હતી.

### ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર પાટીલની અંજલી...

સી આર. પાટીલે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા માધવસિંહ સોલંકીના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં હંમેશા અગ્રેસર રહેતા એવા માધવસિંહજી આપણી વચ્ચે નથી રહ્યાં ત્યારે હું તેમના પરિવારના સભ્યોને આવી પડેલી આ વિપત્તિને સહન કરવાની ઈશ્વર શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરું છું.

### નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલની અંજલી...

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી, ભારત સરકારના પૂર્વ વિદેશ મંત્રી



અને કોંગ્રેસના દિગ્ગજ નેતા માધવસિંહજી સોલંકીનું દુઃખદ અવસાન થયું છે. તે બદલ શોક અને દુઃખની લાગણી અનુભવું છું અને તેઓને શ્રદ્ધાંજલી અર્પણ કરું છું.

### શંકરસિંહ વાઘેલાની માધવસિંહ સોલંકીને અંજલી...

પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીજીનાં નિવાસ સ્થાને પહોંચી તેમના પાર્થી દેહને પુષ્પાંજલિ અર્પી હતી. રાજયના વિકાસમાં માધવસિંહનું યોગદાન સદાય માટે અમર રહેશે. પ્રભુ સદ્ગત આત્માને મોક્ષ પ્રદાન કરે એ જ પ્રાર્થના...

### માધવસિંહ સોલંકીનું માર્ગદર્શન અને હૂંફ ગાંધીનગર સમાચાર હંમેશા યાદ રાખશે

પૂર્વ મુખ્યમંત્રી 'માધવસિંહ'નું નિધનના સમાચારે આંચકો આપ્યો છે. તેમનો વાંચન શોખ અને પત્રકારત્વ તેમની રાજકીય પ્રતિભાની અલગ અને ઊંચી બાજુ હતી. 'ગાંધીનગર સમાચાર'ના આરંભિક સમયમાં માધવસિંહભાઈનું માર્ગદર્શન અને હૂંફ અમારા માટે ચિરંજીવ રહેશે. મારા વ્યક્તિગત અને 'ગાંધીનગર સમાચાર' બંને માટે માધવસિંહભાઈ દિશાદર્શક રહ્યા હતા અને તેમના જવાથી ગુજરાતે એક વિચક્ષણ પુરુષ ગુમાવ્યો છે.

- કૃષ્ણકાન્ત જહા

**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ વિદેશમંત્રી માધવસિંહ સોલંકીનું ૯૪ વર્ષે નિધન : વાંચનશોખ અને પત્રકારત્વ તેમજ રાજકીય કારકિર્દીનું અનોખું પાસું હતું : વિધાનસભામાં ૧૪૯ બેઠકો મેળવવાનો તેમનો વિક્રમ હજુ પણ અકબંધ છે : વંચિતો-પીડિતો માટે તેમની સંવેદનશીલતા નેતૃત્વનું અસરકારક પાસું રહ્યું હતું : રાજ્યના વિદ્વાન પૂર્વ મુખ્યમંત્રીને કોંગ્રેસપત્ર ઉપરાંત સમાજના વિવિધ વર્ગો દ્વારા ભાવભીની અંજલિ...**



